વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૭ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : એપ્રિલ ૬, ૨૦૧૯

# જનતા ધોતીથી એમેઝોન તાણાવાણાની શ્રમકથા

## રેગિનાબેન પિટરભાઈ પરમાર – વણાટકામ

વણાટ અમારો પરંપરાગત ધંધો અને અમારા બાપદાદા પણ આ જ ધંધામાં હતાં ને હું પણ નાનપણથી મારા ભણતરની સાથે વણાટના કામમાં તેમને બોબિન ભરવાનું અને શાળનું કામ કરવામાં તેમને મદદ કરતી. ધીમે ધીમે જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ મને વણાટ કામમાં રસ પડતો ગયો. સત્તર વર્ષની ઉંમરે મારા લગ્ન થયા પણ મારા માતા-પિતાની સંભાળ રાખવા હું અને મારા ઘરવાળા મારા પિયર જ રહેવા લાગ્યા. મારા ઘરવાળા એલિકોન કંપનીમાં જતા અને આખો મહિનો ભરે ત્યારે ૪૮ રૂ. મળતા. સમય જતા મારે બાળકો થયા. એમા ૩ દીકરીઓ અને એક દીકરો. એટલે માત્ર મારા ઘરવાળાની કમાણીમાંથી અમારા બધાનું પુરું કરવાનું મને અઘરું પડતું. વળી એવામાં મારા ઘરવાળાને ફ્રેકચર થયું અને ૬ મહિના તેઓ ઘરે રહયાં. તે દિવસો કાઢવા અમારા માટે ઘણા અઘરા હતાં. દૈનિકનિર્વાહ પુરો કરવા મારે પણ બીજાના ખેતરમાં મજુરી કરવા જવું પડતું. જેમાં સવારે ૭ વાગ્યે ઘરેથી નિકળતી તે રાત્રે ૧૧ પણ વાગતા. ઘણા કપરા દિવસો હતા અમારા માટે. મારી મા શાળ ભરતી તેમા અમે પહેલા તો સુતરના વેપારી પાસેથી લાવીને વણતા અને તેને વણાટકામ કરી પરત આપતાં પણ, તેમાં સૂતરની ઘટ પડતી એટલે અમને ખોટ થઇ એટલે મંડળી બંધ કરવી પડી, પછી તો અમે સાવ બેરોજગાર થઇ ગયા. અમારી પાસે કોઇ ખાસ કામ રહયું નહી.

પણ એજ વખતમાં આશરે ૧૯૯૨ની સાલમાં 'સેવા'ના વખતે તમાકુ કામદારો માટે ખળીના કામમાં સંઘર્ષ ચાલતો હતો. ત્યારે અવારનવાર અમારા ગામમાં 'સેવા'ના બહેનો મિટીંગો માટે આવતા. મારા જેઠાણી 'સેવા'ના સભ્ય હતા, એટલે ખાસ કરીને આ મિટીંગ મારા ઘરે જ થતી. હું નવી નવી પરણેલી એટલે ખાસ ખબર નહતી પડતી પણ, આ મિટીંગો હું ધ્યાનથી સાંભળતી જેમાં સરકારે કામદારો માટે રૂ. ૧૪નો ભાવ રાખેલ પણ ખળી માલિકો કામદારોને ૭ રૂપિયા જ આપતા. એનો જ સંઘર્ષ ચાલતો હતો જેમાં 'સેવા' કામદારોના હક્કો માટે લડત આપી રહી હતી. મને આ બધી વાતોમાં ઘણો રસ પડતો અને ધીમે ધીમે હું સેવાને ઓળખતી થઇ. અને મને માન પણ થયું. જો કે, તે વખતે અમારા કુટુંબમાં અમે ૧૩ લોકો એટલે આટલા મોટા કુટુંબનું ભરણપોષણ કરવું અમારા માટે બહુ અઘરું હતું.

ખેતીમાં અમારી પાસે માત્ર ૧૩ ગુંઠા જ જમીન હતી. જેમાં અમે ઘર પુરતું ઉગાડતા. આ દરમ્યાન હું પણ સેવાની સભ્ય બની અને ખળી કામદારો સામેની લડતમાં જોડાઇ ગઇ. ઘરણા કર્યા ને સેવાના પ્રતાપે એક ત્રીપક્ષીય કમિટીની રચના થઇ જેમાં સરકાર, ખળી કામદારો અને માલિકો જેમાં સેવાએ એવી પણ માંગ મુકી કે, માલિકો ગામના લોકોને જ ખળીમાં કામે રાખે બહારના મજુરો ના રાખે, અને જેટલા વર્ષથી આ કામદારો ખળીમાં કામ છે તેમને તેટલા વર્ષનું વેતન ચૂકવાય. પછી તો એ ખળી માલિકે ખળી તો બંધ કરી દીધી પણ બધા કામદારોને વેતન ચૂકવ્યું અને સેવાને લખાણ પણ આપ્યું કે, જ્યારે પણ ખળી ચાલુ થશે ત્યારે ગામલોકોને જ કામે

રાખશે. આમ ઘણા પડકારો પાર કરી અમે તે જંગ જીત્યા. પછી તો મારો સેવા સાથેનો વિશ્વાસ દૃઢ થયો અને હું બચતની આગેવાન બની. મને ખંભાત તાલુકો આપવામાં આવ્યો, જેમાં સંકલિત રીતે બધુ કામ કરતી થઇ. પછી તો લવાજમ લેવા પણ જતા ત્યારે ધીમે ધીમે બહેનો સાથેનો સંપર્ક વધ્યો ને તેમની તકલીફો જાણતી થઇ જેમાં ખાસ એ જોયું કે, ઘરમાં બે બાળકો હોય તો તેમાં તેમની મા મજુરીએ જાય તો મોટા બાળકને નાના બાળકની સંભાળ માટે ઘરે જ રહેવું પડે એટલે તે શાળાએ ના જઇ શકે. આ વાત મને સ્પર્શી ગઇ. સેવાના સહકારથી અમે ગામોમાં ઘોડિયાઘર ચાલુ કર્યા. ને બહેનોના નામે માલિકી ઉભી થાય તે માટે બચત મંડળો પણ ખોલાવ્યા. ખળીમાં કામ કરતાં કામદારોને આરોગ્યલક્ષી સમસ્યાઓ દૂર કરવા આરોગ્યની કામગીરી ચાલુ કરી. આમ ને આમ હું સેવાની કામગીરીમાં વધારે ને વધારે સંકળાતી ગઇ. જો કે, આ બધી કામગીરી દરમ્યાન માટે સમય પણ ઘણો આપવો પડતો અને વળી ખંભાત તાલુકો એ મારા ગામથી પણ ઘણો દૂર એટલે જવા આવવામાં ઘણો સમય જતો જે મારા ઘરવાળાને ગમતુ નહી એટલે તેમણે મને સેવા છોડવા જણાવ્યું, મેં ઘરવાળાને સમજાવ્યા કે હું સેવામાં નહી જઉં તો ઘરમાં જે થોડીઘણી આવક આવે છે તે પણ બંધ થઇ જશે. એટલે મારા ઘરવાળા માન્યા અને મેં સેવામાં મારી કામગીરી ચાલુ રાખી.

પછી તો મને અનેક તાલીમો મળી ને મારો ઘણો શક્તિવિકાસ થયો. ધીમે ધીમે મારું કામ પણ વધતું ગયું. જો કે, આ દરમ્યાન મારા જીવનમાં ઘણા પડકાર પણ આવ્યા. મારા સાસુ, સસરા અને દિયરનું મૃત્યુ થયું. અમે અલગ રહેવા ગયા જેમાં મારી ત્રણ દીકરીઓ, મારા પતિ અને હું અમે પાંચ જણ હતા અને અમારી પાસે આવકનો કોઇ ખાસ સ્ત્રોત નહતો. માત્ર ૧૩ ગુંઠા જેટલી જમીન હતી જેમાં અમે અમારા વપરાશ માટે ડાંગર ઉગાડતા. એક દિવસ મારે કુંજરાવ જવાનું થયું જેમાં મેં લીલીના ફૂલની ખેતી વિશે જાણ્યું. મને થયું કે, આ ખેતીમાં ફાયદો છે. જેમા ફૂલના પણ પૈસા મળે, પાનના પણ પૈસા મળે અને ઢોર તે પાન ખાય તો તેમના દૂધની ફેટ પણ વધે ને સારી એવી આવક મળે એવી છે. એટલે સેવામાંથી ૧૦,૦૦૦/-ની લોન લઇને મેં મારી ખેતીમાં પરિવર્તન કર્યુ. લીલીની ખેતી ઉપજાઉ કરી અને પહેલા વર્ષે દોઢ લાખની આવક કરી ને મારું જુનુ દેવું ચૂકતે કર્યુ. આ કામગીરીને બે જ વર્ષ થયા હતા ત્યારે અચાનક ૨૦૦૭માં મારા પતિનો એક્સીડન્ટ થઇ ગયો જેમાં તેઓ મરણ પામ્યા. મારા માથે તો જાણે આભ જ તૂટી પડયું. તે વખતે હું સેવાની કારોબારીમાં હતી અને મારી સારી કામગીરી જોઇને સેવામાંથી મને પ્રમુખ પદ માટે ચૂંટણીમાં ઉભા રહેવા જણાવ્યું. પણ મારા ઘરવાળાનાં મૃત્યુએ મને ખૂબ મોટો ઝાટકો આપ્યો હતો એટલે મને કોઇ કામગીરી કરવાનું મન નહતું એટલે મેં પ્રમુખપદ માટે અમારા જ જિલ્લાના રમીલાબેનનું નામ આપ્યું, અને તેઓ પ્રમુખ બન્યા.

જો કે મારા આ કપરા સમયમાં સેવાએ મને ખૂબ સહકાર આપ્યો અને મારી પડખે જ રહી અને બહેનો અમારા ગામમાં સંગઠન માટે આવતા. અમારા મંડળીના સભ્યોને મળીને મંડળી ફરી ચાલુ કરવા જણાવતા પણ મંડળીના સભ્યોને સેવાનો ખાસ અનુભવ નહતો એટલે તેઓ સેવાનો વિરોધ કરતાં અને અમને સેવાની જરૂર નથી તેવું કહેતા. જો કે, મને સેવાના બહેનો જે સમજ આપતા તેમાં રસ જાગ્યો ને હું સેવાની સભ્ય બની ગઇ. અગાઉ જ્યારે અમારી મંડળી બંધ થઇ હતી ત્યારે અમે સભ્યોએ ગુજરાત હેન્ડલુમ કોર્પોરેશનમાં જઇને રજૂઆત કરી હતી. ત્યારે તેમણે જણાવ્યું હતું કે, તમે મંડળીના સભ્યો છો એટલે ગુજરાત હેન્ડલુમ કોર્પોરેશનના સભ્ય ના બની શકો એટલે તમને કામ પણ ના મળી શકે. આ વાત હું સેવામાં જોડાઇ એટલે રજુ કરી તો સેવાએ વચ્ચેનો રસ્તો કાઢીને અમને નિગમના સભ્ય બનાવ્યા. અને કામ પણ અપાવ્યું ને અમારી રોજગારી ચાલી નિકળી. જો કે, તે વખતે અમારે નિગમના સભ્ય બનવા માટે રૂ.૭૫૦ ડીપોઝીટ તરીકે ભરવાના હતા જે અમારી પાસે રોજગારીના અભાવે હતા નહી એટલે સેવાએ બચત મંડળો ચાલુ કર્યા. તેમાં અમને લોન આપી જેમાંથી અમે નિગમમાં ડીપોઝીટ ભરીને સભ્ય બન્યા બસ પછી તો ગામના બીજા લોકોને પણ સેવા ઉપર વિશ્વાસ આવ્યો. આ કામ લગભગ ચારેક વર્ષ ચાલ્યું જેમાં અમે ''જનતા ધોતી'' અને ''જનતા સાડી'' બનાવતા જેમાં સાડીના ૭.૪૫ અને ધોતીના ૭ રૂપિયા મળતા. પછી સરકાર બદલાઇ ને માલનો ભરાવો થઇ ગયો એટલે નિગમે અમને કામ આપવાનું બંધ કરી દીધૂ. એટલે ફરી અમે હતા એવા ને એવા બેરોજગાર થઇ ગયા. પણ આવી કપરી પરિસ્થિતિમાં સેવાએ અમારો સાથ ના છોડયો. અમારી કાયમી રોજગારી ચાલુ રહે તે માટે અમારા ગામમાં વણાટ સેન્ટર ચાલુ કર્યુ. જમાં અમને સેવા ગ્રામ મહિલા હાટ દ્વારા બે પાવડી ને ચાર પાવડી, કલર કોમ્બીનેશન, બુટી મુકવાની વગેરે આવડત વિકસાવવાની તાલીમો આપવામાં આવી. અમે સાદા વણાટની જગ્યાએ ચાદર, રૂમાલ, સાડી વગેરે બનાવતા થયા. ૨૦૦૨ની સાલથી અમે પ્રોડકશનમાં ગયા જેમાં જેટલું કામ કરીએ તેટલા પૈસા મળતા થયા. જેમાં સાડીના રૂ. ૧૪૫થી ૧૫૦ લેખે મજુરી મળે છે. સેવાએ અમારા કામને આગળ વધારવા અનેક એક્ઝીબીશનોનું આયોજન કર્યુ અને બજાર સાથે જોડાયા જેમાં

અમે વેચાણ કરતાં અને અમારા ધંધાને દશ્યમાન કર્યો. આજે અમે સરકારી હોસ્પિટલ અને જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં અમારી વણાટની વસ્તુઓ પહોંચાડીએ છીએ અને સાથે સાથે નેપાળ, ભૂતાન, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, લદાખમાંથી આવતી અમારા જેવી બહેનોને વણાટની તાલીમ આપીને તૈયાર પણ કરીએ છીએ.

આમ જોઇએ તો અમારા ગામમાં ઘણી સંસ્થા આવી ને ગઇ પણ સેવાની છાપ વિશેષ છે. ગામના લોકોને સેવા ઉપર પુરો ભરોસો છે. આજે આણંદ જિલ્લામાં સિંહોલ ઉપરાંત બીજા પાંચ ગામોમાં આવા વણાટના કેન્દ્ર છે જેમાં વણાટકામદાર બહેનો ઘરે બેઠા મહિને ૬થી ૭ હજારની રોજગારી મેળવી રહી છે. આ ઉપરાંત અમારા ગામમાં સેવાએ ઘોડિયાઘર પણ શરુ કર્યુ છે જેમાં માતાઓ તેમના બાળકોને મુકીને નિશ્ચિંત થઇ મજુરીએ કે અન્ય કોઇ કામે જઇ શકે છે.

મારી વાત કરું તો આજે ‘સેવા’ના પ્રતાપે હું મારો વિકાસ કરી શકી અને મારા બાળકોને પણ શિક્ષિત કરી શકી. આ સિવાય વણાટની પરંપરાગત આવડત લુપ્ત ના થઇ જાય તે માટે મે મારા બાળકોને પણ વણાટ કરતા શીખવ્યું છે. આ તો ‘સેવા’ હતી તે અમારો હાથ ઝાલ્યો બાકી અમે તો અમારા ઘરના એક ખૂણે બેસીને વણાટ કરતા અમને કોણ ઓળખે ? પણ ‘સેવા’એ અમારો શક્તિવિકાસ કર્યો ને અમારું કામ દશ્યમાન કર્યુ તે માટે ‘સેવા’નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ‘જય સેવા...’’

❑

**નીતાબેન પંકજભાઇ વાઘેલા- ટેક્નોલૉજી-ઓનલાઇન માર્કેટીંગ** હું એક વણકર આગેવાનબહેનની દીકરી છું ને સેવાની બીજી ત્રીજી પેઢી તરીકે છેલ્લા એકવીસ વર્ષથી સેવા સાથે જોડાયેલી છું. વણાટ અમારો પરંપરાગત ધંધો છે એટલે ભણવાની સાથે હું વણાટ કામ પણ કરતી. મેં મારું એમ. એ. પુરું કર્યુ એટલે ધાર્યુ હોત તો બીજી કોઇ જગ્યાએ સારી નોકરી કરત પણ મને હતું કે મારા વણાટનો ધંધો લુપ્ત ના થવો જોઇએ એટલે મારી મા પાસેથી વણાટની તાલીમ લીધી અને આ કામને આગળ વધારવા માટેના પ્રયત્નો કર્યા જેમાં આ ધંધાને દશ્યમાન કરવા માટે અને વધારે લોકો સુધી અમારી આવડત પહોંચાડવા માટે અમે ટેક્નોલૉજીનો ઉપયોગ કર્યો અને તે માટે સેવાએ અમને પુરતી સહાય અને સગવડ પુરી પાડી. આજે અમારી ૮૯ જેટલી વસ્તુઓ એમેઝોન સહેલીના ઑનલાઇન પ્લેટફોર્મ ઉપર છે.

**- કપિલા**

# ‘‘અરસ-પરસ શીખવાની શક્તિનો સાચો ઉપયોગ’’

‘ગુજરાત કી હમારી જેસી ભૂમિવિહીન બહેનો સે હમને શીખા ઓર ઉસકે ઉપયોગ સે હમને હમારા ભવિષ્ય સુરક્ષિત કિયા હૈ અબ હમ સબ બહેને અપને-અપને ખેત કી માલિક ઔર મેનેજર ખુદ હૈ !’

આ શબ્દો છે બિહાર રાજ્યના પટનાના ફુલવારીશરીફના સીમરાગામના બહેનોનાં..

બિહાર નામ સાંભળતા જ ત્યાંના લોકો માટે આપણા મનમાં પછાત અને ગરીબ તેમજ અર્ધ શિક્ષિત લોકોનું ચિત્ર નજર સમક્ષ આવી જાય. તેમાય મુશાહર સમુદાયના લોકોની પરિસ્થિતિ તો સાવ જ ખરાબ, જેઓ મૂળે વર્ષો પહેલાં ઉંદર પકડવાનું કામ કરતાં અને સૌથી વધારે દયનીય પરિસ્થિતિમાં રહેનારો સમુદાય પણ છેલ્લા કેટલાક વર્ષોથી જમીન વિહોણા ખેડૂતો તરીકે ઓળખાય છે. વર્ષના બાર મહિનામાંથી આઠ મહિના તેઓ કોઈ કામ વગર બેકાર બેસી રહે અને બાકીના ચાર મહીનામાંથી પણ અમુક જ દિવસ કામ મળે તે પણ વેઠયા. મજુર કે બાંધીયા મજુર તરીકે જેના થકી તેઓ રોજના માંડ ૧૦ કે ૨૦ રૂપિયાનું રળે....!

આપણને સૌને અનુભવ છે કે, જો આપણે કંઈ સાંભળીયે તો કદાચ ભૂલી જઈએ પણ જો કંઈ જોયું હશે તો ચોક્કસ યાદ રહેશે. આવું જ કંઈક થયું બિહારની આ શ્રમજીવી ગરીબ બહેનો જોડે. વર્ષ ૨૦૦૯માં સ્થાનિક સંસ્થા એવી નારીગુંજનના સહયોગથી આ બહેનોને ‘સેવા’ મેનેજરની સ્કૂલમાં તાલીમ અને શૈક્ષણિક પ્રવાસ માટે લાવવામાં આવી ત્યારે તેમણે ‘સેવા’ને નજીકથી જોઈ અને તેમના આ પ્રવાસના ભાગરૂપે તેઓએ મહેસાણા જિલ્લાના ‘વનલક્ષ્મી’ મંડળીની પણ મુલાકાત લીધી હતી... જયારે તેઓ વનલક્ષ્મી મંડળીમાં પહોંચ્યા અને ત્યાંની બહેનોને મળ્યાં તેમજ બંજર જમીનમાંથી હરિયાળી ‘ઈકો ટુરીઝમ’ સુધીની બહેનોની સફર- તેમનો સંઘર્ષ અને આપવીતી સાંભળી તેણે આ બિહારની બહેનોના માનસ ઉપર એક અલગ છાપ ઉપસાવી અને તેમને જાણે અંદરથી ઝંઝોળી દીધા... પ્રવાસ બાદ બહેનો પોતાના ગામ પરત તો આવી પણ હજુ તેમના મગજમાં તો વનલક્ષ્મીમંડળીના બહેનો કે, જેમની પાસે પોતાના નામે કોઈ જમીન કે રોજગારી નહતી. ‘સેવા’માં જોડાઇને સંગઠિત થઇ અને

ગણેશપુરા ગામની પડતર જમીન પંચાયત પાસેથી ભાડાપટ્ટે લઈને બંજર જમીનને હરિયાળી બનાવવી તેજ વિચાર ફર્યા કરતો હતો. તેમને થતું કે અમારી પરિસ્થિતિ પણ કંઇક ગુજરાતની આ બહેનો જેવી જ છે, અને જો એ બહેનો આટલું સરસ કામ કરી શકે તો અમારા જેવી બહેનો પણ સંગઠિત થઇને પડતર જમીનને હરિયાળી કેમ ના બનાવી શકે ?

બસ જરૂર હતી તો થોડા સાહસ અને સહકારની....!

પછી તો ગામની પાંચ બહેનોએ સાહસ કરી શરૂઆત કરવાનું બીડુ ઝડપ્યું. પોતાના બચત મંડળમાંથી લોન લઈને પોતાના ગામમાં થોડી જમીન ભાડાપટ્ટે લીધી અને શાકભાજી ઉગાડવાનું શરુ કર્યું. જેમાં પ્રથમ પ્રયાસે જ રોકડ આવતી દેખાઈ એટલે બીજા બહેનો પણ તેમાં જોડાયા અને આજે તાલુકાની ૧૬૦ બહેનો આખા જિલ્લાની ૩૦૦ જેટલી બહેનોએ જમીન ભાડાપટ્ટે લઈને શાકભાજી ઉગાડવાનું શરુ કર્યું છે.

અને હવે તેઓ માત્ર ચોખા જ નહી પણ ઘઉં, દાળ, શાકભાજી અને રોકડીયા પાકો પણ લેતી થઇ ગઈ છે.

આ બહેનોનો આત્મવિશ્વાસ ઉડીને આંખે વળગે તેઓ છે અને સૌથી વધારે ગર્વની વાત તો એ છે કે, આ એજ બહેનો છે જે પહેલા પોતે મજુર હતી તે હવે બીજાને પોતાના ખેતરમાં મજુરીએ રાખીને કામ કરાવે છે. પહેલાં તેમને ખાવાના ફાંફા હતાં તેની જગ્યાએ આજે તેઓ પ્રતિ એકર રૂ.૫૦,૦૦૦/- જેટલી આવક મેળવી રહ્યાં છે. બહેનોનો ઉત્સાહ અનેરો છે અને હવે તેઓ તેમની પેદાશો વેચવા માટે સામુહિક માર્કેટિંગ માટે પણ વિચારી રહી છે.

> 'આમ તો બિહારમાં દારૂબંધી છે પણ છતાં અમારા બધાના ઘરવાળા દારૂ પીને બહેનો સાથે મારઝૂડ કરે છે... એટલે અમારી બહેનોની પરિસ્થિતિ ઘણી ખરાબ.... આવકના કોઇ સ્ત્રોત નહીં અને ઉપરથી ઘરેલું હિંસા સહન કરવાની તે અલગ... એટલે જ અમે બહેનોએ હમણાં જ એક મોટુ સાહસ કર્યું જેમાં અમે આઠ લાખની લોન લઈને અમારા પતિ કે સસરાના નામે નહી પણ અમારા પોતાના નામે ખેતીની જમીન લીધી. જેની ઉપર હવે અમે સહિયારી ખેતી કરીશું... એટલે 'અમારી ખેતીની માલિકી પણ અમારી અને તેના મેનેજર પણ અમે પોતે જ' !'
>
> **— અનિતાદેવી**

શીખવા માટે ભાષા એ કોઈ અડચણ નથી વળી ગરીબ બધે સરખી અને તેમના પ્રશ્નો પણ સરખા.. અરસ-પરસ શીખવું એટલે કે, જેને અંગ્રેજીમાં 'પિઅર ટુ પિઅર લર્નિંગ' કહેવાય. એનો સૌથી સારો ફાયદો અને ઉત્તમ દાખલો બેસાડ્યો હોય તો આ બિહારની બહેનોએકે જેઓએ વનલક્ષ્મીની બહેનોને મળ્યા અને તેમના અનુભવ જાણી શીખ્યા અને જોખમ લઈ ખેતી શરુ કરી તો આજે કેટલાય બહેનોએ પોતાના નામે પાકું મકાન કર્યું છે, તો કેટલાય બહેનોએ પોતાના બાળકોને સ્કૂલે ભણવા મૂકી શક્યા છે. અને બહેનોનું આરોગ્ય પણ સુધર્યું છે.... ઘણો શક્તિવિકાસ થયો અને આત્મવિશ્વાસ પણ જાગ્યો.

'સેવા મેનેજરની સ્કૂલ'માં આપણે એટલે જ બહેનો અરસ પરસ શીખે તેની ઉપર વધારે ભાર આપીએ છીએ જેથી તેઓ શીખીને આગળ આવી શકે અને પોતાના ધંધાના માલિક અને મેનેજર પોતે બને.

આમ એક શૈક્ષણિક પ્રવાસે આ જમીનવિહોણી બહેનોનું જીવન અને વિચારવાની દિશા જ બદલી નાખી તેઓ સંગઠનનું મહત્વ સમજ્યા અને જોખમ લેતા પણ શીખ્યા. તેમના સમુદાયના લોકોના જીવન, રોજગારમાં આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિમાં મોટો બદલાવ આણ્યો.

**- વિણા**

# શ્રદ્ધાંજલિ

## ઉષાબેન બુચ, જેમણે ગરીબ બેનોનો ભાર ઉતરાવ્યો



સ્વ. ઉષાબેન બુચનો પરિચય અને તેમની સાથે કામ કરવાનો ઇતિહાસ 'સેવા' શરૂ થઇ તે પહેલાંનો છે, એ હકીકત સેવામાં ઘણાં ઓછાંને ખબર હશે.

મજૂર મહાજનમાં કામ કરતાં મારે મહાજનના મોવડીઓ સાથે કોઇ વાર સૌરાષ્ટ્રના મહાજનોને મળવા જવાનું થતું. સ્વ શ્રી મુ.અરવિંદભાઇ બુચને હંમેશ ગરીબ શ્રમજીવી બહેનો પ્રત્યે કરુણાનો ભાવ તરી આવતો. અમે જૂનાગઢ ગયા ત્યારે ઉષાબેને બુચસાહેબને કહયું કે, અહિં ગિરનાર પરથી સૂકા ભારા વીણવાવાળી બહેનો સાથે મિટીંગ કરો. ફોરેસ્ટ ખાતાએ ડુંગર પર

ભારા વીણવા જવા પર પ્રતિબંધ મૂક્યો છે, તે અયોગ્ય છે. આ બહેનો એટલી બધી ગરીબ છે કે, રોજનું વાળુ આના ઈંધણ પર રંધાય છે ત્યારે ઘર દિવસનું એક ટંકખાવા પામે. જૂનાગઢના નવાબે બહેનોની આવી ગરીબી જોઇને તેમને ગિરનારના જંગલોમાં વૃક્ષોના નીચે પડી ગયેલા સૂકા ડાળાંની રોજની એક શિરમોર ભારો વીણી લઇ જવાની પરવાનગી આપી હતી જે પ્રથા વર્ષોથી ચાલી આવતી હતી જેને ફોરેસ્ટ ખાતાએ બંધ કરેલી. મુ. બુચસાહેબ, ઉષાબેન અને હું ફોરેસ્ટ ખાતાને આ બંધી પાછી લેવા સમજાવવા ગયા હતા. તાત્કાલિક નિષ્ફળ રહયા. ગિરનારની બેનોની પરિસ્થિતિ નો સર્વે મેં શરું કર્યો - 'સેવા' તો ત્યારે હજુ રચાઇ નહોતી એવું મને યાદ છે.

આમ, ઉષાબેન મારાં સૌથી જૂનાં સાથી. જૂનાગઢની બહેનો પર તેમનો પ્રભાવ દેખીતો હતો. મહેનતૂ પણ ખરાં. જાહેર હિતના કામોમાં જાતે ઘસાય, તેમનાં કુટુંબીઓ સહિત, મને જે સૌથી વિશેષ યાદ રહી છે તેમની રમુજવૃતિ ! જૂનાગઢી નાગરી ઝલક ! ઉપરાંત, તેમનું સૂરીલા સ્વરે ગાયેલું ફેમીનીસ્ટ ભજન,

''દયાના સાગર તમે, કૃપા રે નિધાન તમે,
છોને ભગવાન કહેવડાવો પણ મારા રામ તમે
સીતાજીની તોલે ન આ...વો''

હવે તો, રેકોર્ડ કરેલું ગીત આપણી પાસે રહયું છે તે સાંભળતા રહીશું. ઉષાબેન, તમને 'સેવા'ના અને મારાં લાખ લાખ પ્રેમભર્યા વંદન અમે કરીએ છીએ.

- ઇ.

❑

સેવા અને ઇલાબેન સાથેનો સ્વ.ઉષાબેન બૂચનો નાતો અતૂટ હતો. જોગાનુજોગ અમને. ૧૩/૩/૨૦૧૯ અને ૧૪/૩/૨૦૧૯ ના રોજ ઉષાબેન ને રૂબરૂ મળી તેમના ખબર અંતર પૂછવાનો મોકો અનાયાસે જ મળી ગયો. થયું એમ કે જુનાગઢમાં 'સેવા'ની પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલતી હતી અને ઉષાબેન જેવું સબળ નેતૃત્વ હોવાથી 'સેવા'એ કાર્યક્રમોના વિકાસ અને મજબૂતી માટે પોતીકી નાનકડી જગ્યા ૧૯૮૫માં જુનાગઢ શહેરમાં ખરીદી, તેમાં થોડું ઘણું બાંધકામ કરી સેવાનું કેન્દ્ર ઉભું કર્યું, 'સેવા'ના અભિગમ પ્રમાણે સ્થાનિક જૂથ મજબૂત થતાં સેવાનું સીધું સંકલન અને કામગીરી ન રહી. પણ ઉષાબેન બુચ, બહેનો, બાળકો માટેના તેમણે રચેલા ટ્રસ્ટ—ઉષા કિરણ ટ્રસ્ટ દ્વારા પ્રવૃત્તિઓ કરતાં રહ્યાં.

ઉષાબેનના દીકરા ડૉ. બકુલભાઈ બુચ કે જેઓ માનસિક રોગોના નિષ્ણાંત છે આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ જૂનાગઢ શહેરમાં મનોસામાજિક પુનઃ સ્થાપન કેન્દ્ર અંતર્ગત ડે કેર સેન્ટર અને પોરબંદર જીલ્લાના ગોરસર ગામમાં ચાલતા પાગલ આશ્રમમાં રેસિડેન્શિયલ સેન્ટર ચલાવે છે. 'ડે કેર' સેન્ટરમાં યુવક-યુવતીઓ મળીને કુલ ૩૦-૩૫ લાભાર્થીઓ સમાવાયા છે. અને રેસીડેન્શીયલ સેન્ટરમાં ૫૦થી ૫૫ વ્યક્તિઓની પુનર્વસનની નક્કર કામગીરી થઇ રહી છે. શ્રી બકુલભાઈ પોતે આ વિષયના નિષ્ણાંત ડૉક્ટર હોવાથી સારવાર, સંભાળ અને પુનર્વસન માટે જરૂરી વ્યવસાયલક્ષી તાલીમો તેમજ તાલીમાર્થીઓ એ બનાવેલી વસ્તુઓના માર્કેટિંગની પ્રવૃત્તિઓ સંકલિત અભિગમથી ચલાવે છે. જેમાં રોજિંદી ગૃહ ઉપયોગી ચીજ વસ્તુઓ જેવી કે ફિનાઈલ, એસીડ, વિવિધ પ્રકાર ના સફાઈના પાવડર, પ્રવાહી, સવારના સાવરણી, મસાલા, બામ, વેસેલીન,પગલુંછણિયા, માટીના રંગીન ચિત્રકામથી શોભતા કોડીયા, ગ્રીટીંગ્સ કાર્ડ, કવર, રાખડી, ભરતકામ, સિલાઈકામની ચીજ વસ્તુઓ જેવી શીખવામાં સહેલી અને વેચાઈ શકે તેવા ઉત્પાદનો તૈયાર કરાવીને વેચાણમાંથી મળતો નફો આ તાલીમાર્થીઓને વહેંચીને તેમનું પોતાનું આત્મ ગૌરવ વધે, કુટુંબ, સમાજમાં તેમની સ્વીકૃત્તી થાય તે રીતે આવા દીવ્યાંગો માટે પુનર્વસનની અકલ્પનીય કામગીરી નાના પાયે પણ નક્કર રીતે કરી રહ્યા છે..

ડૉ. બકુલભાઈ ને આશાદીપ ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની હોંશ અને ધગશ છે, ઉષાબેનની પ્રવૃત્તિઓ અને 'સેવા' સાથેના પરિચય, સંબંધથી તેમજ 'સેવા'ની મિલ્કત જુનાગઢમાં હોવાથી તેમનું વાકેફ હોવું સાવ સ્વાભાવિક છે. તેમણે ૨૦૧૮ના વર્ષમાં નમ્રપણે ''સેવા'' પાસે જુનાગઢની મિલ્કત આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનને બક્ષિસ આપવાનો પ્રસ્તાવ મુક્યો. જે 'સેવા'ને યોગ્ય લાગ્યો અને જરૂરી કાર્યવાહીના અંતે ૧૩/૩/૨૦૧૯ના રોજ 'સેવા'એ જુનાગઢની મિલ્કત આશાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ ને અર્પણ કરી. આશાદીપ ટ્રસ્ટની સમાજના વણસ્પર્શ્યા વર્ગની યુવતીઓ/ બહેનો અને યુવકો માટેની પ્રવૃત્તિઓ, 'સેવા'ના નબળા વર્ગની બેનો અને તેમના કુટુંબોમાં આર્થિક સામાજિક વિકાસના કાર્યક્રમો હાથ ધરીને તેમને સ્વનિર્ભર બનાવવના અભિગમ ને એકદમ અનુરૂપ છે. લાભાર્થીઓને રૂબરૂ મળીને, પ્રવૃતિઓ જોઈ -જાણીને સેવા કાર્યોની જ્યોત જલતી રહેશે તેવો વિશ્વાસ અને સંતોષ સેવામાં સહુને દ્રઢ થયો.

‘સેવા’ના શુભાશય અને ‘સેવા’ની નેતાગીરી, ખાસ તો ઇલાબેનની દુરન્દેશી ને બિરદાવવાના હેતુથી આશાદીપ ફાઉન્ડેશને મિલકત અર્પણ વિધિનો નાનકડો કાર્યક્રમ યોજ્યો. જેમાં, લાભાર્થીઓના વાલીઓ, સમાજના અગ્રણીઓ, અને સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓ એ હાજરી આપી. સહુએ સેવાનો આભાર માન્યો. અંતે લાભાર્થીઓને તેમની મહેનતના પુરસ્કારની રકમ મહેમાનોના હસ્તે આપી. લાભાર્થીઓના ચહેરા પરનો આનંદ અને આત્મ ગૌરવ હાજર રહેલાં સૌને અભિભૂત કરી રહ્યું.

**પ્રતિભા, સવિતા, દમયંતી**

# શ્રદ્ધાંજલિ

## આનંદલક્ષ્મીબહેનને..



આનંદલક્ષ્મીબહેન સાથેની મુલાકાત સૌ પ્રથમ ૧૯૮૮માં ઇલાબેનના દિલ્હીના ઘરે થઇ હતી. હું બેન જોડે દિલ્હીમાં રહેતી હતી અને ‘‘શ્રમશક્તિ’’ રિપોર્ટ લખવામાં મદદ કરતી હતી.

ઇલાબેન ત્યારે અસંગઠિત કામદાર બેનોના ઇતિહાસિક પંચના અધ્યક્ષ હતા.

રિપોર્ટમાં કામદાર બેનો માટે બાલસેવાની અગત્યતાની ભલામણો તૈયાર કરવામાં આનંદલક્ષ્મીબેનનો ખાસ ફાળો. તેઓ બાલવિકાસના નિષ્ણાંત હતા. તેમના ઘરે ‘‘શ્રમશક્તિ’’ના બાલસેવાની ભલામણો આગળ લઇ જવા માટે રાષ્ટ્રીય બાલસેવા સંઘ (‘‘ફોરસીસ’’ FORCES)ની રચના થઇ. ત્યારે આનંદલક્ષ્મીબેન લેડી અરવિંદ કૉલેજના પ્રિન્સિપલ હતા.

ત્યારથી આનંદલક્ષ્મીબેન ને મારો નિકટનો સંબંધ અને દોસ્તી હતી. મારા માટે તેઓ મારા ‘‘આનંદ’’. આનંદલક્ષ્મીબેનના માતા-પિતાએ તેમના બાળકોને મુક્ત વાતાવરણમાં ઉછેર્યા. તેમના પિતાશ્રી ડૉ. એની બેસંત અને તેમના જેવા થીઓસફીસ્ટ વિચારણાંથી પ્રેરિત હતા. તેમના ઘર હંમેશ ચોપડીઓથી ભરચક- અંગ્રેજી, તમિલ, હિન્દી, સંસ્કૃતની પુસ્તીકા, ઉપન્યાસ અને શાસ્ત્રીય ચોપડીઓ. તેમના માતા-પિતાએ વાંચવાનું અને ખૂબ સવાલો કરવાનું શિખવાડયું.

આનંદલક્ષ્મીબેને અમેરિકામાં ડૉક્ટરેટ કર્યુ. તેમનો વિષયઃ બાલવિકાસ અને બાળકોના ‘‘સાઇકૉલોજી’’ જોડે ભાષાઓ અંગે (Linguistics) તેમનું કહેવાનું હતું કે, ‘‘બાળકો જોડે કામ તે મારું સ્વધર્મ’’. તેમની જોડકી બેન કલ્યાણલક્ષ્મી જોડે વિદ્યામંદિર સ્કૂલની રચના કરી. જેમાં બાળકોને ખુલ્લા મનથી અને મુક્ત વાતાવરણમાં સંપૂર્ણ શિક્ષણ અને ભણતર મળે. આ સ્કૂલ આજ દિન સુધી ચેન્નઇમાં ચાલે છે અને વખણાય છે.

બાળકોની સાથે-સાથે તેમને આપણા દેશના શ્રમજીવીઓ માટે ખૂબ લાગણી અને ચિંતા-ચિંતન. તેમને લાગ્યું કે, ગરીબી મોટી કલંક છે. માતા-પિતાના સંસ્કાર પણ એવા કે દેશની સેવા કરવી જોઇએ. આનંદલક્ષ્મીબેન ઇલાબેનની પેઢીના- જેમાં દેશભક્તિ એટલે શ્રમજીવીઓ અને ગરીબોની સેવા કરવી એજ તેમનું ધર્મ.

માટે ‘સેવા’ પ્રત્યે ખૂબ લાગણી. આપણુ કામ બરાબર સમજી ગયા. તેઓ પોતાની જાતને ‘સેવા’ તથા ‘સેવા’ ચળવળના ભાગ જ માનતા હતાં. ‘સેવા’માં તેમનો અનેક ફાળો છે. હું ખાસ બાલસેવા અને સામાજિક સેવાની વાત કરીશ. બાલસેવાને નવી દિશા આપનાર પ્રથમ આનંદલક્ષ્મીબેન. અમારો બાળકો વિષય જ્ઞાન અને બાળકો સાથે કામ કરવાની આવડત વધારવામાં તેમનો મોટામાં મોટો ફાળો. અમદાવાદ, ખેડા, પાટણ અને સુરેન્દ્રનગર- બધા બાલસેવિકા સાથે મિટીંગ, સૂચનો, શક્તિવિકાસ તાલીમ અને સર્જનાત્મક પ્રવૃતિઓ કરવા માટે એમને એમને પ્રેરણ આપી. આપણે આનંદલક્ષ્મી શાળા ચાલુ કરી જેમાં બાલવિકાસમાં સતત તાલીમો વર્ષો સુધી ‘સેવા’ અકાદમીમાં ચાલતી હતી.

કેટલીક મિટીંગમાં અમે સાથે રહયા. ચૈનયમાં તેમને બાલમંદિર સંસ્થા સાથે અમારું સંકલન કરી આપ્યું. અને ગુજરાતીમાં બાલવિકાસના ‘‘કેલેન્ડર’’ બનાવ્યું. આજ સુધી વાપરીએ છીએ અને વાલીઓને બાલવિકાસ અંગે અગત્યના કદમો સમજાવીએ છીએ. પોર ગામમાં શ્રમજીવીઓ માટે બાલસેવા અંગે જોડે ચોપડી લખી અને ત્યાં રજૂઆત કરી.

તાજેતરમાં ‘સેવા’ની આગેવાની હેઠળ ચાલતી રાષ્ટ્રીય બાલસેવા ઝુંબેશ માટે તેમને અમને માર્ગદર્શન આપ્યું. સારી

ગુણવત્તા અને આખા દિવસની બાલસેવા ઉપરાંત તેમને બાલવિકાસ અંગે કેટલાક અગત્યના મુદ્દાઓ ઉમેરાવ્યા.

આનંદલક્ષ્મીબેન જ્ઞાની હતા અને ખૂબ આવડતવાળા. ફોટો સરસ પાડતા હતા, ગાયીકા પણ હતા અને શાસ્ત્રીય સંગીતના શોખીન. તેમના કલમ પણ જોરદાર હતા. થોડા વર્ષો પહેલાં તેમને તેમના મિત્ર અને પરિવાર જણ માટે તેમના વિવિધ લેખો તથા કવિતાઓની ચોપડી બહાર પાડીઃ ''Thinking the Heart'' ''દિલથી વિચારવાનું'' ખાસ તો તેમના પ્રેમાળ સ્વભાવ અને મોટા દિલથી કેટલાક ને આર્કષાયા. અલગ-અલગ ઉંમરના કેટલા મિત્ર – તેમના વિદ્યાર્થી, સહયાત્રી અને મારા જેવા. મને તેઓ દીકરી તરીકે રાખતા. સુખ-દુઃખમાં તેમનો ટેકો અને સાથ. સાચી સલાહ જ્યારે મુંઝવણ હોય મારા હર પારિવારિક પ્રસંગમાં હાજરી. તેઓ મારે ઘરે રોકાતા અને હું તેમના ઘરે. ચેન્નઇ પહોંચતા જ મારા માટે તાજા મોગરાની વેણી તૈયાર ! સાથે બેસીને કર્ણાટક શાસ્ત્રીય સંગીત સાંભળતા કેટલીક વાતો કરતાં. અલગ-અલગ ઉંમર હોવા છતાં સંપૂર્ણ મન મળે. તેમની સાથેના અનેક યાદગાર પ્રસંગો. અને હું ધન્ય છું કે, આનંદલક્ષ્મીબેન અમારા જીવનમાં છે.

તેમની આખી 'સેવા' વતી મારી હયદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

આનંદ, તમને સદા યાદ કરીશ અને તમે હંમેશા મારા હૈયામાં યાદ રહેશો.

**- મિરાઇ**

❑

ડૉ. આનંદલક્ષ્મીબેનનો સ્વભાવ લાગણીશીલ, પ્રેમાળ, નમ્ર હતો. અમારા ઘરનાં સભ્યો જેવા હતા, બહેનો પ્રત્યે તેમને દયાભાવ હતો. બહેનો તેમને સરળ રીતે સમજી શકતાં હતા. બહેનો માટે પ્રેરણાદાયી હતા.

રમત દ્વારા શિક્ષણ આપતાં હતાં. જ્ઞાન સાથે ગમ્મત આપી બહેનોને ખુશ કરતાં હતાં.

બાળકો અને વાલી એકબીજા સાથે વાણી, વર્તન અને વ્યવહાર કેવું કરવું જોઇએ ? તેના માટે સમજ આપતા. પિતાની ભાગીદારી માટે સલાહ આપતા. બાળકો સાથે બાળક બનીને આપણે કામ કરવું જોઇએ. બાળકો નીચે બેઠા હોય તો આપણે પણ નીચે બેસીને પ્રવૃતિ કરવી જોઇએ જેનાથી બાળકો આપણને જોઇ શકે આપણે બાળકોને, જેથી બાળકોને મજા પડે. બાળ પ્રવૃતિ શીખવતા, રમતો અને તાલીમો આપતાં. તાલીમોમાં અમને પિતાની ભાગીદારી વિશે કે શીખવતા તે અમે વાલીઓને સમજાવતા જેથી પિતાની મિટીંગ પછી પિતા માતાને સારી રીતે સમજવા લાગ્યા. અને કુટુંબ વિશે ભાગીદારીનું ધ્યાન થયું અને બાળકો પણ મારા છે. એકલી માતાનું નહિં તેવું સમજ્યા- તેના વિશે બહુ જ પ્રેમથી અને હસતાં-હસતાં તાલીમ આપતાં, તેથી અમારાં વાલીઓમાં પણ પરિવર્તન આવ્યું.

રમત દ્વારા શિક્ષણની બુક એટલી અસરકારક રહી કે, સર્ગભા માતાને અમે વાંચન માટે આપતા તેથી માતાઓ બાળકોને કેવી રીતે ઉછેર કરવો તે શીખ્યા. અંગ્રેજી અને હિન્દીમાં હતી તેમા ગુજરાતીમાં અનુવાદ કર્યો તેનો સારો એવો ઉપયોગ થવામાં મદદરૂપ રહી.

બહેનોને પ્રેક્ટીકલ રીતે જે તાલીમ આપતાં હતાં તે અમને બહુ જ સરળ અને પ્રેમાળ રીતે સમજાવતા તે અમને યાદ રહી જાતું. અને અમે પણ સારી રીતે સમજાવી શકતા.

તેમને જે શીખવ્યું અને તાલીમ આપી તે અમે અમારા જીવનમાં ખૂબ જ ઉપયોગી નિવડશે. એરિયામાં કુટુંબમા પણ લાભદાયી રહેશે. અને તેમની ખોટ અમને રહેશે તેમનો પ્રેમાળ-હસમુખો ચહેરો અમને અમારી જિંદગીમાં સદાય રહેશે. તેમનો ફાળો અમારે માટે ખૂબ જ અમૂલ્ય હતો.

**- જશોદા પરમાર,**

**સંગિની મંડળી પ્રમુખ**

❑

શ્રી આનંદલક્ષ્મીબેન વિષે જાણ્યું, ખૂબ દુઃખ થયું. તેમણે આપેલ ૦થી ૬ વર્ષના બાળકોના વિકાસની તાલીમો હતી. અમને બાલસેવા કેન્દ્રમાં ખૂબ જ ઉપયોગી નીવડી. માતા અને પિતા મિટીગમાં અમે તેમણે આપેલ તાલીમનો ઉપયોગ કર્યો. માતાઓને કહયું બાળકના મગજનો વિકાસ ગર્ભમાંથી જ થાય છે. અને બાળકની સંભાળ માટે એકલી માતાનો જ નહી પણ આમા કુટુંબની પણ જવાબદારી છે તે રમત દ્વાર શિક્ષણની ચોપડીઓ દ્વારા સમજાવ્યું પહેલા આ ચોપડીઓ માં મિત્રો હતાં. તેના કરતાં સુધારો કરી આપણા પહેરવેશ માં હતાં તે લઇ જતા હતા. તેમની ખોટ પડશે પણ તેમણે આપેલ તાલીમો દ્વારા કામ આગળ લઇ જઇશું તો તેમના આત્માને શાંતિ મળશે. આપણા વચ્ચે જ છે તે અનુભવાશે.

**- ગૌરીબેન પરમાર**

**સંગિની મંડળી મંત્રી**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-4-2019

## કચરાયુગમાં

### હું શું કરીશ

૧૧. હું રોજ એક જ ડોલ પાણીથી નાહીશ.

૧૨. હું મારા ઘરમાં સૌ ધરમ, કોમનાં લોકોને સાચા દિલથી આવકારીશ.

૧૩. ગરીબને રોજી મળે તે માટે હું ખાદી પહેરીશ.

૧૪. હું કોઈનું ખરાબ બોલીશ નહિં.

૧૫. હું મારા સંતાનોને સમૂહલગ્નમાં પરણાવીશ.

૧૬. હું ઠેરઠેર રોપા વાવીશ અને રોજ પાણી નાંખી ઉછેરીશ.

### કચરાયુગમાં

#### અવલોકન

મેં નોધ્યું કે... આપણા આ મૂર્ખતાભર્યા આધુનિક જીવનમાં આપણે મુશ્કેલીઓ પોતાની જાતે જ આવકારી રહયા છીએ. જો આપણી બુદ્ધિ આ મૂર્ખતા ન સમજી શકતી હોય તો આપણે તે મૂર્ખતાને લાયક છીએ.

આપણને ગીલોડીથી ચીતરી ચઢે. તે આપણને કશુંજ કરતી નથી. માત્ર તેના દેખાવથી આપણને તે આપણા ઘરમાં અયોગ્ય લાગવા લાગે છે. શું આ કોમવાદ, જાતિભેદ, અસમાનતા રેસિઝમ, જે કહો તે, નથી ? બસ માત્ર તે મુંગુ પ્રાણી છે તેથી તે સહન કરવા મજબૂર છે.

આપણે ગીલોડી હટાવી તે ઘરોમાંથી પરિણામે વંદો, મચ્છર માખી, પાંખવાળા મંકોડા વગેરે વધવા માંડયા કારણ કે તે ખાનાર ગીલોડીજ આપણે હટાવી નાખી હતી.

આપણને કરોળીયાના જાળા ન ગમે કેમ કે તે ઘરની શોભા બગાડે છે. આમ આપણે કરોળીયાને બેઘર કર્યા. પરિણામે જીવજંતુઓ વધ્યા. તેને ખાનાર કરોળિયા હવે નથી. બાળક ફિલ્મમાં સ્પાઈડરમેન જુએ પણ ઘરમાં જાળા દેખે ત્યાંથી પાડે !

આ બધા કૃત્યો કુદરતી અનુબંધને તોડે છે. જો આમજ થશે તો તેનું ફળ આપણે અચૂક ભોગવીશું અને જેને આપણે લાયક છીએ.

કોણ જાણે માણસ ક્યારે શીખશે કે સમાનતા એ બે વ્યક્તિ કે જાતિઓ પૂરતીજ સીમિત નથી અને સાથે રહેવાનો અર્થ પણ કોમીય સમાનતા પૂરતો સીમિત નથી. વાત માનવાની નહિ પણ સર્વ સજીવોની છે.

**- રામઈ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-4-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]